# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**વંચાણે લીધું: એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠક નંબર ૨૭ના ઠરાવ ક્રમાંક ૨૭.૦૨.૦૭**

**પરિપત્ર :–**

**વિષય: જુલાઈ, ૨૦૨૧માં લેવાનાર ઓફલાઈન પરીક્ષાના આયોજન બાબત**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાઓને જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ની સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓના આયોજન સંદર્ભે યુનિવર્સિટી દ્વારા પરીક્ષા ઓનલાઈન માધ્યમ દ્વારા કે ઓફલાઈન માધ્યમ દ્વારા આયોજન કરવા સંદર્ભે સર્વે હાથ ધરવામાં આવેલ, જેમાં મહત્તમ વિદ્યાર્થીઓ દ્વારા ઓફલાઈન માધ્યમ દ્વારા પરીક્ષા આપવાની ઈચ્છા ધરાવેલ, જે પરત્વે આજ રોજ એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠક નંબર ૨૭ના ઠરાવ ક્રમાંક ૨૭.૦૨.૦૭થી કરેલ નિર્ણય અનુસાર આગામી તા.૦૭ જુલાઈ ૨૦૨૧થી પ્રથમ તબક્કામાં અનુસ્નાતક કક્ષાની સેમેસ્ટર ૨ અને ૪, એલએલ.બી સેમેસ્ટર ૧, બી.એડ્. સેમેસ્ટર ૨ અને ૪, સ્નાતક કક્ષાની સેમેસ્ટર ૫(પૂરક) તથા બાહ્ય અભ્યાસક્રમ સ્નાતક કક્ષાની સેમેસ્ટર ૫(પૂરક) તથા અનુસ્નાતક કક્ષાની સેમેસ્ટર ૨ અને ૪ની પરીક્ષાઓનું આયોજન કરવામાં આવેલ છે.

વધુમાં દ્વિતિય તબક્કામાં સ્નાતક કક્ષાની સેમેસ્ટર ૬, એલએલ.બી. સેમેસ્ટર ૪, ડી.એમ.એલ.ટી. તેમજ બાહ્ય અભ્યાસક્રમમાં સ્નાતક કક્ષાની સેમેસ્ટર ૨,૪ અને ૬ની પરીક્ષાઓનું આયોજન તા.૧૭/૦૭/૨૦૨૧થી કરવામાં આવેલ છે, જેની સબંધિતોએ નોંધ લેવી. ઉકત તમામ પરીક્ષાઓનું વિગતવાર ટાઈમટેબલ યુનિવર્સિટી વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

**કા. કુલસચિવ**

**નં. :બીકેએનએમયુ/ રજી/** ૧૭૦ **/૨૦૨૧**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા.૨૫/૦૬/૨૦૨૧

**પ્રતિ,**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાયશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાઓ તરફ...

**નકલ સાદર રવાના :–**

૧.માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી
૨. પરીક્ષા વિભાગ
૩. એકેડેમિક વિભાગ

**નકલ સાદર રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**

૧.આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)